Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ
૧૯૪૯ થી કાર્યરત

18853

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

25 માર્ચ, 2021

**શ્રી અનિલ મુકીમ, IAS**
મુખ્ય સચિવ
ગુજરાત સરકાર
ગાંધીનગર.

**વિષય: રાજ્યમાં બિનજરૂરી મલ્ટિપલ યુનિયનો દ્વારા કામદારોની ઉશ્કેરણી અને શાંતિપૂર્ણ વાતાવરણનો ભંગ કરવા અંગે**

**સંદર્ભ: કડી ઔદ્યોગિક એસોસિએશનનો પત્ર**

માનનીયશ્રી,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તરફથી શુભેચ્છાઓ.

ગુજરાત રાજ્ય તેના શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ ઔદ્યોગિક વાતાવરણ માટે ભારતમાં જ નહિ પરંતુ વિશ્વભરમાં વખણાય છે અને કામદારો અને મજદૂરો તરફથી એક પણ દિવસ આંદોલનને કારણે કામ અટકતું નથી તે બાબતનું ગર્વ અનુભવે છે. રાજ્યમાં આવા શાંતિપૂર્ણ ઔદ્યોગિક વાતાવરણનું મુખ્ય કારણ છે કે રાજ્યના ઉદ્યોગકારો તેમની મહાજન પરંપરા અને સમાજના શ્રેષ્ઠિ તરીકેની તેમની ભૂમિકાને ધ્યાનમાં રાખી મજદૂરો અને કામદારોને મદદરૂપ થવા માટેની વિવિધ પ્રવૃત્તિઓ કરતા રહે છે અને તેમના પ્રશ્નોનું નિરાકરણ શાંતિપૂર્ણ રીતે સાથે મળીને કરતા આવ્યા છે.આના કારણે ગુજરાતમાં મોટી સંખ્યામાં અન્ય રાજ્યોમાંથી કામદારો અહીં ઉદ્યોગોમાં સલામતી સાથે કામ કરી રહ્યા છે.

પરંતુ હાલમાં કડી ઔદ્યોગિક એસોસિએશનના પત્રમાં જણાવ્યા મુજબ અમુક અસામાજિક તત્વો મલ્ટિપલ અને બિનજરૂરી યુનિયનો દ્વારા ઉદ્યોગોને આ કપરા સમયમાં બિનજરૂરી કનડગત, અશાંતિનો વાતાવરણ અને ઉત્પાદન પ્રક્રિયામાં મુશ્કેલીઓ ઉભી કરવા પ્રયત્નો કરી રહ્યા છે જેને કારણે આપણા રાજ્યની સારી છાપને નુકશાન પહોચવાની શક્યતાઓ છે. આ પત્રની નકલ આપની જાણ સારું અત્રે બિડાણ કરીયે છીએ.

કડી ઔદ્યોગિક એસોસિએશનના પત્રના સંદર્ભમાં ઉદ્યોગોને આ કપરા સમયમાં બિનજરૂરી કનડગતનો સામનો ન કરવો પડે તે ઉદ્દેશથી આવા અસામાજિક તત્વો સમક્ષ યોગ્ય કાર્યવાહી કરવા નમ્ર વિનંતી કરીએ છીએ.

આભાર સહ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

**બિડાણ:** ઉપર મુજબ

**નકલ રવાના:** શ્રી વિપુલ મિત્રા, અધિક મુખ્ય સચિવ, શ્રમ અને રોજગાર વિભાગ

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org

R. No. G.6689

# KADI INDUSTRIAL ASSOCIATION

G.I.D.C. INDUSTRIAL ESTATE,
KADI- 382715, DIST. MEHSANA (N.G.)

Phone No. : 242630
Fax No. :

Ref. No. :

DATE :

પ્રતિશ્રી,
ચીફ સેક્રેટરી,
ગવર્મેન્ટ ઓફ ગુજરાત,
પ્રથમ બ્લોક, પાંચમી માળ,
સચિવાલય,
ગાંધીનગર - ૩૮૨૦૧૦

ગુજરાત રાજ્યમાં ઉદ્યોગોની વિકાસ દિન પ્રતિદિન સતત વધતી જાય છે અને ગુજરાત સર્વ પ્રકારે ઉદ્યોગો માટે અનુકૂળ રહ્યુ છે. આપશ્રીને વિદિત થાય કે ઉદ્યોગોની સાતત્યતા અને તેની વિકાસ એ ઘણાં બધા પરિબળો પર નિર્ભર છે. પરંતુ ગત વર્ષ કોરોના અને અન્ય કારણોસર ઉદ્યોગો અને સંલગ્ન વ્યક્તિઓ, સંસ્થાઓ માટે ઘણુ પ્રતિકૂળ રહ્યુ અને સતત સંઘર્ષથી આ વર્ષ પસાર કરવુ પડ્યુ. ઉદ્યોગોને બરકરાર રાખવા ઉદ્યોગકારો અને અન્ય તમામ સંસ્થાઓ સતત પ્રયત્નો કરી ઉદ્યોગોને જીવિત રાખવામાં સફળ થયા.

પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં અને સંઘર્ષની આ યાત્રામાં અમારા ઉદ્યોગ મંડળે જે સંઘર્ષ કર્યા તેમાં મુખ્યત્વે બીનજરૂરી યુનિયનીઝમે સંઘર્ષમાં વધારો કર્યો. ઉશ્કેરણી અને નાદાન કામદારોને હાથા બનાવી હડતાલો પડાવી અને કાયદાકીય ગુંચવણો ઉભી કરી ઉદ્યોગોને મહત્તમ નુકશાન કેમ થાય તે આ બીનજરૂરી યુનિયન પ્રવૃત્તિઓએ તાદશ્ય કર્યુ હોય તેવુ અમને અનુભવાય છે. આ પરિસ્થિતિઓમાં પ્રતિકૂળ ધંધાકીય વાતાવરણ સાથે સાથે બીનજરૂરી યુનિયનીઝમે ઉદ્યોગકારોની હોસલી ઘટાડી દીધો છે. આમાં ખાસ કરીને ગુજરાત મજદૂર સભાના સેક્રેટરી અને તેના મળતીયાઓએ અગ્રેસર ભાગ ભજવેલ છે. કામદારોમાં ઉશ્કેરણી કરવી, જાહેરમાં મીટીંગો કરવી, ઉદ્યોગકારોને ધમકીઓ આપવી, જાતજાતના કેસ કરવા, પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવી આ બધુ હવે ઉદ્યોગકારોને પોસાય તેમ નથી.

અત્રે એ નોંધવુ ઘટે કે સરકારશ્રીએ ઉદ્યોગોને અને કામદારોને અનુકૂળ થઇ રહે તે માટે મજુર કાયદાઓમાં સંસોધન કરી જરૂરી જે તે સુધારા કરી રાજ્ય અને કેન્દ્ર સરકારે સરાહનીય પગલા ભરેલ છે. પરંતુ હવે બીનજરૂરી યુનિયીઝમે માઝા મુકી છે અને ઉદ્યોગકારોને બાનમાં લઇ મલ્ટીપલ યુનિયનનું વાતાવરણ ફેલાવી ઉદ્યોગોમાં સતત વિઘ્નો ઉભા કરવાનું હવે રોજબરોજનું થઇ ગયુ હોય તેવુ લાગે છે.

આ પરિસ્થિતિઓ પર તાત્કાલિક અંકુશ મુકવામાં નહી આવે અને ગુજરાત મજદુર સભા અને તેને મળતીયાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહી આવે તો ઉદ્યોગકારોએ ગુજરાતમાંથી હીજરત કરી જવા સીવાય બીજો કોઇ વિકલ્પ હોય તેવુ દેખાતુ નથી.

આપશ્રીને અમારી નમ્ર વિનંતીકે આવા તત્વો સમક્ષ તાત્કાલિક જે તે કાર્યવાહી કરી ઉદ્યોગો અને કામદારોમાં શાંતિનુ વાતાવરણ બરકરાર થાય તેવી અમારી આપશ્રીને નમ્ર અરજ.

કડી ઇન્ડસ્ટ્રિયલ અશોશીયેસન

પ્રમુખ

નકલ રવાના:-
૧) ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ